# CWG: ગુલવીર બન્યો 5000 મી.માં મેડલ જીતનાર પ્રથમ ભારતીય

**આ** બ્રોન્ઝ સાથે ગુલવીર એક જ કોમનવેલ્થ ગેમ્સમાં 2 મેડલ જીતનાર પ્રથમ ભારતીય એથ્લીટ બન્યો

**એથ્લેટિક્સમાં** ભારતના કુલ મેડલ 10 થયા

ગ્લાસગો, તા. 1 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026ના એથ્લેટિક્સ સ્પર્ધાના અંતિમ દિવસે શનિવારે એશિયન ચેમ્પિયન ગુલવીર સિંહે પુરુષોની 5000 મીટર રેસમાં 13 મિનિટ 24.95 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે કોમનવેલ્થ ગેમ્સની 5000 મીટર રેસમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો છે. આ સાથે જ, તે એક જ કોમનવેલ્થ ગેમ્સની આવૃત્તિમાં બે એથ્લેટિક્સ મેડલ (10,000 મીટરમાં સિલ્વર અને 5000 મીટરમાં બ્રોન્ઝ) જીતનાર ભારતનો પ્રથમ ખેલાડી પણ બન્યો છે.

ગુલવીરે અંતિમ લેપમાં શાનદાર ઝટકો આપીને કેન્યાના કોર્નેલિયસ કેમ્બોઈને માત્ર 0.04 સેકન્ડથી પાછળ છોડીને બ્રોન્ઝ પદક પાક્કો કર્યો હતો. આ વિજય સાથે, સામાન્ય એથ્લેટિક્સમાં ભારતના કુલ મેડલ 10 (5 સિલ્વર, 5 બ્રોન્ઝ) થયા છે. 2010 નવી દિલ્હી ગેમ્સ (12 મેડલ) પછી કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં ભારતીય એથ્લેટ્સનું આ બીજું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

### અન્ય ભારતીય એથ્લીટ્સનું પ્રદર્શન

રાષ્ટ્રીય રેકોર્ડ ધારક દેવ કુમાર મીના 5.30 મીટરના જમ્પ સાથે પોલ વોલ્ટમાં 4થા સ્થાને અને કુલદીપ કુમાર 5.10 મીટર સાથે 6ઠ્ઠા સ્થાને રહ્યા હતા. જ્યારે 10000 મીટર રેસ વોક (મહિલા)માં પ્રિયંકા ગોસ્વામી પોતાના સિઝનના સર્વશ્રેષ્ઠ સમય (45:53.93) સાથે 7મા ક્રમે રહી હતી, જ્યારે રવિના ડિસ્ક્વોલિફાય (અયોગ્ય) જાહેર થઈ હતી. મિક્સ્ડ 4x400m રીલેમાં વિશાલ ટીકે, અંસા બાબુ, સંતોષ કુમાર અને રશદીપ કૌરની ભારતીય ટીમ 6ઠ્ઠા ક્રમે રહી હતી. બીજી બાજુ પેરા T54 1500 મીટર રેસમાં રમેશ શણમુગમ ફાઇનલમાં 7મા ક્રમે રહ્યા હતા.



## CWG: સુપર-હેવીવેઈટમાં નરેન્દ્ર બરવાલે સિલ્વર જીત્યો

**આ** સાથે જ ભારતે બોક્સિંગમાં 7 ગોલ્ડ સહિત કુલ 10 મેડલ જીતીને 2018ના ગોલ્ડ કોસ્ટ ગેમ્સનો રેકોર્ડ તોડ્યો

ગ્લાસગો, તા. 1 (પીટીઆઈ): પુરુષોની સુપર-હેવીવેઈટ (+90 કિગ્રા) કેટેગરીની ફાઇનલ મેચમાં ભારતના એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલિસ્ટ નરેન્દ્ર બરવાલને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. નરેન્દ્રને ઈંગ્લેન્ડના દામર થોમસ સામે 0-5ના સર્વસંમતિના નિર્ણયથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ ફાઇનલ મુકાબલામાં ઈંગ્લિશ બોક્સર સંપૂર્ણપણે હાવી રહ્યો હતો, જેના કારણે નરેન્દ્ર ગોલ્ડ મેડલ જીતવાથી વંચિત રહ્યો હતો.

આ સાથે જ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સિંગ ટીમે સર્વશ્રેષ્ઠ અને યાદગાર પ્રદર્શન કરીને ઈતિહાસ રચી દીધો છે. ભારતે બોક્સિંગ સ્પર્ધામાં કુલ 10 મેડલ જીતીને મેડલ ટેલીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે, જેમાં 7 ગોલ્ડ અને 3 સિલ્વર મેડલનો સમાવેશ થાય છે. આ અગાઉ કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં બોક્સિંગમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 2018ના ગોલ્ડ કોસ્ટ ગેમ્સમાં હતું, જ્યાં ભારતે 3 ગોલ્ડ સહિત કુલ 7 મેડલ જીત્યા હતા. પરંતુ આ વખતે ભારતે



7 ગોલ્ડ જીતીને પોતાના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે.

### BFIનું એશિયન ગેમ્સમાં પણ આવા જ પ્રદર્શનનું લક્ષ્ય

બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI)ના પ્રમુખ અજય સિંહે ભારતીય બોક્સર્સના 10 મેડલના ઐતિહાસિક પ્રદર્શનને બિરદાવ્યું હતું. તેમણે કહ્યું કે આ સફળતા ભવિષ્યની સ્પર્ધાઓ માટે એક ઉત્તમ પાયો છે. BFI ચીફે જાહેરાત કરી કે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનારા તમામ બોક્સર્સ જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે સીધા જ ક્વોલિફાય થઈ ગયા છે. તેમણે ખેલાડીઓને એશિયન ગેમ્સ અને 2028 ઓલિમ્પિક્સમાં પણ આવું જ પ્રદર્શન પુનરાવર્તિત કરવા સખત મહેનત ચાલુ રાખવા આહ્વાન કર્યું હતું.

## 17 વર્ષીય તન્વી શર્માએ તાઇપેઇ ઓપન જીતીને બનાવ્યો રેકોર્ડ

**તન્વીનો** આ પ્રથમ BWF સુપર 300 ટાઇટલ

**સૌથી** ઓછી વયે તાઇપેઈ ઓપન જીતનારી ખેલાડી બની

**સાયના** નેહવાલ પછી આ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી




તાઈપેઈ સિટી, તા.2 (પીટીઆઈ): રવિવારે તાઇપેઇ સિટી ખાતે રમાયેલી તાઇપેઈ ઓપન સુપર-300 બેડમિન્ટન ટૂર્નામેન્ટની ફાઇનલમાં ભારતની 17 વર્ષીય યુવા શટલર તન્વી શર્માએ વિયેટનામની છઠ્ઠી ક્રમાંકિત થુઈ લિન્હ ગુયેનને સીધા સેટોમાં 21-16, 21-16થી હરાવીને પોતાનું પ્રથમ BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીતી લીધું છે. તન્વીએ આ શાનદાર વિજય માત્ર 36 મિનિટમાં મેળવ્યો હતો.

આ જીત સાથે પંજાબની તન્વી તાઇપેઈ ઓપનના ઇતિહાસમાં 17 વર્ષ અને 222 દિવસની ઉંમરે ટાઇટલ જીતનારી સૌથી યુવા ખેલાડી બની ગઈ છે. ઉપરાંત 2008માં સાયના નેહવાલના વિજય બાદ તાઇપેઈ ઓપનમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતનારી તે પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની છે.

પી.વી. સિંધુના પૂર્વ કોચ પાર્ક તાઈ-સાંગના માર્ગદર્શન હેઠળ રમી રહેલી તન્વીએ સમગ્ર અઠવાડિયા દરમિયાન માત્ર એક જ સેટ ગુમાવ્યો હતો. જીત બાદ તન્વીએ પોતાનો ગોલ્ડ મેડલ કોચ પાર્કના ગળામાં પહેરાવીને આદર વ્યક્ત કર્યો હતો. તે પૂર્વ જુનિયર વર્લ્ડ નંબર 1 રહી ચૂકી છે અને અગાઉ એશિયન ટીમ ચેમ્પિયનશિપમાં ભારતીય ગોલ્ડ મેડલ વિજેતા ટીમનો ભાગ પણ હતી.

## રેસ્ટોરન્ટમાં ભારતીય નકશામાં નોર્થ-ઈસ્ટ અને કાશ્મીર ગાયબ: બોક્સર લવલીનાએ ધ્યાન દોર્યું

**લવલીના** અને BFIની રજૂઆત બાદ ગ્લાસગોના રેસ્ટોરન્ટ મેનેજમેન્ટે ભૂલ સ્વીકારી અને માફી માગી

**ભારતના** નક્શામાં તાત્કાલિક સુધારો કરવાનું આપ્યું આશ્વાસન






નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં 10 મેડલના ઐતિહાસિક પ્રદર્શન બાદ ભારતીય બોક્સિંગ ટીમ શનિવારે રાત્રે ગ્લાસગોની પ્રખ્યાત 'મિસ્ટર સિંહ'સ ઈન્ડિયા' રેસ્ટોરન્ટમાં ઉજવણી કરવા પહોંચી હતી. આ દરમિયાન ઓલિમ્પિક મેડલિસ્ટ અને આસામની સ્ટાર બોક્સર લવલીના બોરગોહેઈનની નજર રેસ્ટોરન્ટના નેપકિન અને સાઈનબોર્ડ પર છપાયેલા ભારતના નક્શા પર પડી હતી, જેમાં નોર્થ-ઈસ્ટનો (ઉત્તર-પૂર્વ) ભાગ ગાયબ હતો અને જમ્મુ-કાશ્મીરનો ભાગ પણ અયોગ્ય રીતે દર્શાવવામાં આવ્યો હતો.

લવલીનાએ ખુબ જ સભાનતાથી રેસ્ટોરન્ટ મેનેજમેન્ટનું ધ્યાન આ ભૂલ તરફ દોર્યું હતું. તેણે સોશિયલ મીડિયા પર શેર કરેલા વીડિયોમાં કહ્યું હતું કે, 'દેશનો દરેક ભાગ મહત્વપૂર્ણ છે. અમે નોર્થ-ઈસ્ટથી આવીએ છીએ અને ભારત દેશના નક્શામાંથી ઉત્તર-પૂર્વ ભાગને બાદ કરેલો જોઈને અમને ઘણું દુઃખ થયું છે. ભવિષ્યમાં આ બાબતનું ધ્યાન રાખવા વિનંતી છે.'

બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI)ના પ્રમુખ અજય સિંહે પણ ખેલાડીનો પક્ષ લેતાં રેસ્ટોરન્ટ મેનેજમેન્ટનું ધ્યાન દોર્યું હતું કે આ નક્શો ભારતની ભૌગોલિક સીમાઓનું યોગ્ય પ્રતિનિધિત્વ કરતો નથી.

આ રજૂઆત બાદ રેસ્ટોરન્ટના માલિકોએ ખુલાસો કર્યો હતો કે આ ડિઝાઈન એક 'બ્રિટિશ મેપ' પર આધારિત હોવાથી ભૂલ થઈ હતી. તેમણે પોતાની આ ભૂલ બદલ ભારતીય ટીમની ક્ષમા માગી હતી અને નક્શામાં તાત્કાલિક સુધારો કરી લેવાનું આશ્વાસન આપ્યું હતું. BFI પ્રમુખના જણાવ્યા મુજબ, કોઈપણ વિવાદ વગર આ બાબતનો સુખદ ઉકેલ આવ્યો છે.

## કોમનવેલ્થ ટેબલ ટેનિસ: અંકુર અને યશસ્વિની ચેમ્પિયન બન્યા

**ભારતે** ટૂર્નામેન્ટમાં એક સિવાયના તમામ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા

**પુરુષ** ડબલ્સની ફાઇનલમાં માનવ ઠક્કર અને માનુષ શાહ મલેશિયાની જોડી સામે હાર્યા

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): નવી દિલ્હી ખાતે રવિવારે પૂર્ણ થયેલી 22મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતના અંકુર ભટ્ટાચારજી અને યશસ્વિની ઘોરપડેએ અનુક્રમે પુરુષ અને મહિલા સિંગલ્સના ખિતાબ જીતી લીધા છે.

પુરુષ સિંગલ્સની રોમાંચક ફાઈનલમાં અંકુરે પયાસ જૈનને 4-3 થી પરાજય આપ્યો હતો. જ્યારે મહિલા સિંગલ્સની ફાઈનલમાં યશસ્વિની ઘોરપડેએ શ્રીજા અકુલાને 4-1 થી હરાવીને સુવર્ણચંદ્રક પર કબજો જમાવ્યો હતો.

ભારતે આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરતા પુરુષ ડબલ્સ સિવાયના તમામ ગોલ્ડ મેડલ જીત્યા હતા. પુરુષ ડબલ્સની ફાઈનલમાં મલેશિયાની જોડીએ ભારતના માનવ ઠક્કર અને માનુષ શાહને હરાવીને ટાઈટલ જીત્યું હતું.

### સુડોકુ ૬૫૯૨ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | | ૨ | ૪ | ૧ | ૩ | ૮ |
| | ૨ | | | | | | | ૭ |
| ૧ | ૭ | ૪ | | | ૮ | | ૫ | ૨ |
| ૫ | ૮ | | ૪ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ |
| | | ૯ | | ૫ | | ૩ | ૬ | ૪ |
| ૩ | ૪ | | ૯ | | ૧ | ૮ | ૨ | |
| ૨ | | | ૩ | | | | | ૯ |
| ૪ | | ૭ | ૫ | | ૯ | ૨ | | |
| ૬ | ૯ | | | | ૭ | | ૮ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૭ | ૨ | ૪ | ૧ | ૩ | ૮ |
| ૮ | ૨ | ૩ | ૧ | ૯ | ૫ | ૬ | ૪ | ૭ |
| ૧ | ૭ | ૪ | ૬ | ૩ | ૮ | ૯ | ૫ | ૨ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ |
| ૭ | ૧ | ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૬ | ૪ |
| ૩ | ૪ | ૬ | ૯ | ૭ | ૧ | ૮ | ૨ | ૫ |
| ૨ | ૫ | ૮ | ૩ | ૧ | ૬ | ૪ | ૭ | ૯ |
| ૪ | ૩ | ૭ | ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ |
| ૬ | ૯ | ૧ | ૨ | ૪ | ૭ | ૫ | ૮ | ૩ |

સુડોકુ-૬૫૯૨ ઉકેલ

## કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ વિજેતા વેઈટલિફ્ટરોનું દેશમાં ભવ્ય સ્વાગત

**મીરાબાઈ** ચાનુ અને લવપ્રીત સિંહ સહિત ભારતીય એથ્લેટ્સની પ્રથમ ટુકડી રવિવારે ભારત પરત ફરી

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં શાનદાર પ્રદર્શન કર્યા બાદ મીરાબાઈ ચાનુ અને લવપ્રીત સિંહ સહિત ભારતીય એથ્લેટ્સની પ્રથમ ટુકડી રવિવારે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી



ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પરત ફરી હતી, જ્યાં તેમનું ઉષ્માભર્યું અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ખેલાડીઓનું સ્વાગત કરવા સેંકડોની સંખ્યામાં ચાહકો હાજર હતા જેમણે વિજેતા એથ્લીટ્સને જોઈને 'ભારત માતા કી જય' જેવા નારા લગાવ્યા હતા.

મહિલાઓની 49 કિગ્રા કેટેગરીમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ જીતનારી મીરાબાઈ ચાનુએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે મણિપુરથી આવીને દેશ માટે કંઈક સારો દેખાવ કરવા બદલ તેને ગર્વ છે. પુરુષોની +110 કિગ્રા વર્ગમાં મામૂલી તફાવતથી ગોલ્ડ ચૂકીને સિલ્વર જીતનારા લવપ્રીત સિંહે હવે એશિયન ગેમ્સ પર લક્ષ્ય કેન્દ્રિત કર્યું હોવાનું જણાવ્યું હતું. આ સિવાય બિંદિયારાણી દેવી, ઋષિકાંત સિંહ, હરજિંદર કૌર, રાજા મુથુપાંડી અને વલ્લુરી અજય બાબુ જેવા મેડલિસ્ટોએ પણ ફેન્સનો આભાર માન્યો હતો.

ભારતીય વેઈટલિફ્ટિંગ ટીમે 1 ગોલ્ડ, 6 સિલ્વર અને 1 બ્રોન્ઝ સાથે કુલ 8 મેડલ જીતીને પોતાનું અભિયાન પૂર્ણ કર્યું છે. મુખ્ય કોચ વિજય શર્માએ ખેલાડીઓના પ્રદર્શન પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

#### કાનનો દુખાવો

આકડાનું પાકું પાન લઇ, ધોઈ, સ્વચ્છ કરી, તે પર ઘી ચોપડો. ચીપિયાથી પકડી અગ્નિ પર તપાવી, ચોળી રસ કાઢો. આ રસ બે બે ટીપાં કાનમાં રોજ ત્રણ વાર નાંખવા.

## શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી જસપ્રીત બુમરાહ બહાર






**આકિબ** નબીને મળી શકે છે ટીમમાં પ્રથમ વખત સ્થાન

**ઘૂંટણની** ઈજામાંથી બુમરાહ હજુ સંપૂર્ણ સાજો થયો નથી

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજામાંથી હજુ સંપૂર્ણપણે મુક્ત ન થઈ શકવાને કારણે શ્રીલંકા સામેની આગામી બે ટેસ્ટ મેચોની શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)ની મેડિકલ ટીમે ભવિષ્યના વ્યસ્ત શેડ્યૂલને ધ્યાનમાં રાખીને બુમરાહને ઉતાવળે રમવા માટે લીલી ઝંડી આપવાનો ઈનકાર કર્યો છે. ઈંગ્લેન્ડ સામેની વન-ડે દરમિયાન ઈજાગ્રસ્ત થયેલો બુમરાહ હજુ પણ અસ્વસ્થતા અનુભવી રહ્યો છે.

બુમરાહના સ્થાને જમ્મુ-કાશ્મીરના 28 વર્ષીય ફાસ્ટ બોલર આકિબ નબીને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

જો આકિબની પસંદગી થશે, તો તે પરવેઝ રસૂલ અને ઉમરાન મલિક પછી ભારતીય સીનિયર ટીમમાં સ્થાન મેળવનાર જમ્મુ-કાશ્મીરનો ત્રીજો ખેલાડી બનશે. આકિબે છેલ્લી બે રણજી ટ્રોફી સિઝનમાં 100થી વધુ વિકેટો ઝડપી છે અને તે નીચલા ક્રમે ઉપયોગી બેટિંગ પણ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, 15 ઓગસ્ટથી ગાલે ખાતે શરૂ થઈ રહેલી આ શ્રેણી અગાઉ ભારતીય ટીમ પહેલાથી જ ઈજાઓની સમસ્યાથી ઝૂમી રહી છે.

નીતીશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા અને વોશિંગ્ટન સુંદર પણ હેમસ્ટ્રિંગની સમસ્યાના કારણે પ્રથમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયા છે. જ્યારે સાંઈ સુદર્શન પોતાના પગની ઈજામાંથી પુનઃપ્રાપ્તિ કરી રહ્યો છે.

### આજનું પંચાંગ

**તા. 03/08/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ: પાંચમ : 22:55,
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 12
**યોગ :** સુકર્મા **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** ઊ.ભા. 22:01
રાશિઃ મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ :** શુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:14 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:15
**નવકારસી :** 07:02
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુકાળ:** સવારે : 07:30 થી 09:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** વાદવિવાદની અશાંતિ વધશે. કામનો બોજ રહે. લેવડ દેવડમાં સાવધાની રાખવી. ખાવા-પીવામાં સાવધાની.

**વૃષભ (બ,વ,ઉ,):** મિત્રોને મદદ રૂપ બનશો. સામાજિક કામ થાય. નવા રોકાણમાં મદદ મળે. આવક વધે. પ્રેમમાં અશાંતિ.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં સન્માન જનક પ્રગતિ થાય. વેપાર ધંધામાં આવક વધે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ,):** અટકેલા કામમાં બૌદ્ધિક લોકોની મદદ મળે. વિદેશનાં કામ પાર પડે. અચાનક ઉઘરાણી આવી શકે છે.

**સિંહ (મ,ટ,):** કોઈના જામિન થવું નહીં. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ખાવા-પીવાનું ધ્યાન રાખવું કીંમતી વસ્તુંનું ધ્યાન.

**કન્યા (પ,ઠ,ણ,):** કાર્ય સ્થળ, ઘર અને સામાજિક બાબતોમાં નવા ફેરફારથી હકારાત્મક પરિણામ આવી શકે છે.

**તુલા (ર,ત,):** કામનો બોજ વધે. હરીફો સતાવે. સરકારી કામમાં વિલંબ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય.

**વૃશ્ચિક (ન,ય,):** અટકેલા કામમાં મદદ મળે. કામની કદર થાય. સંતાનોની પ્રગતિ થાય. વિજાતિય મિત્રોથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સમાજ પરિવારના અટકેલાં કામમાં મિત્રોની મદદ મળે. બહારના કામનો બોજ વધશે.

**મકર (ખ,જ,):** નવા કામમાં મિત્રોનો સાથ મળે. માનસિક અશાંતિ વધે. ભાઈ-બહેનો સાથે ઘર્ષણ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વિવાદથી અશાંતિ વધશે. ઘરમાં અવર-જવર વધે. વારસાગત ધંધામાં લાભ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** મન અશાંત રહે. ઉતાવળમાં ભૂલથવાની શક્યતા રહે. નોકરીમાં સાવધાની રાખવી.

### કોઈ પણ સાલમાં 03 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ નવી તકો પેદા કરનાર રહેશે. બુદ્ધિ અને વ્યવહાર કુશળતાનો ઉપયોગ કરવાની તક મળશે. નોકરીમાં પ્રગતિ થાય. આર્થિક પ્રગતિ અને ઉઘરાણીથી નવા રોકાણ થાય. ટેક્નોલોજીનો લાભ મળે. સમાજમાં માન વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ અને મદદથી કેસનો નિકાલ થઇ શકે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. નોકરી-ધંધા વગેરેમાં હરીફોની હેરાન ગતિથી સાવધાની રાખવી પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર, ગુરુ શુક્રવાર, 03, 12, 21, 30, તારીખે નવા કામ કરવા પીળો, સોનેરી, જાંબલી રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 02, 11,20, 29, તારીખે નવા કામ ટાળવો. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો.